Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી
# આત્માનંદ પ્રકાશ

ફુલની જેમ મનુષ્યજન્મમાં સુકૃતિની સુંદરતા
અને સદ્‌ગુણોની સુવાસ લાવવાની છે.


| | | |
|---|---|---|
| પુસ્તક : ૮૯<br>અંક : ૪ | મહા<br>ફેબ્રુઆરી<br>૧૯૯૨ | આત્મ સંવત ૯૬<br>વીર સંવત ૨૫૧૮<br>વીક્રમ સંવત ૨૦૪૮ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | કાયોત્સર્ગ | મુ. લે. શ્રી વિજયવલ્લભસૂરિશ્વરજી મ, સા. અનુવાદક : કુમારપાળ દેસાઈ | ૨૯ |
| (૨) | ભવસાગર તરવા નવ નાવા નૌકા ૭ | વ્યાખ્યાતા પ પૂ. પ્રદ્યુમ્નવિજયજી ગણી મહારાજ સાહેબ | ૩૦ |
| (૩) | ૐ હ્રીં અર્હંનમઃ | પ.પૂ પુર્ણાનન્દવિજયજી મ, સાહેબ | ૩૬ |
| (૪) | પદ્મશ્રી મહિપતરાય જાદવજી શાહનું અભિવાદન–સન્માન | — | ૪૦ |



## શ્રી આત્માનંદ સભાના નવા આજીવન સભ્ય

## (૧) શ્રી બાબુલાલ જાદવજીભાઈ દોશી–ભાવનગર.
## (૨) શ્રીમતિ લીલાવંતીબેન બાબુભાઈ દોશી–ભાવનગર.


રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ) ફોર્મ-૪ નિયમ ૮ પ્રમાણે
"શ્રી આત્માનંદ પ્રકાશ સબંધમાં નીચેની વિગતે પ્રગટ કરવામાં આવે છે."

૧. પ્રસિદ્ધિ સ્થળ : શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ–ભાવનગર.
૨. પ્રસિદ્ધિ ક્રમ : દરેક અંગ્રેજી મહિનાની સોળમી તારીખ
૩. પ્રકાશકનું નામ ; શેઠ હેમેન્દ્રકુમાર હરિલાલ
કયા દેશના : ભારતીય
ઠેકાણું : આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, સુતારવાડ, ભાવનગર.
૪. પ્રકાશકનું નામ : શ્રી જૈન આત્માનંદ સભા વતી, શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
કયા દેશના : ભારતીય
ઠેકાણું : શ્રી જૈન આત્માનંદ સભા ખારગેઈટ, ભાવનગર.
૫. તંત્રીનું નામ : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ
કયા દેશના : ભારતીય
ઠેકાણું : શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ-ભાવનગર.
૬. સામાયિકના માલીકનું નામ : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

આથી હું પ્રમોદકાન્ત ખીમચંદ શાહ જાહેર કરૂં છું કે ઉપરની આપેલી વિગતો અમારી જાણ તથા માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧૬–૨-૯૨ પ્રમોદકાન્ત ખીમચંદ શાહ


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્‌તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ એમ. એ, બી. કોમ, એલ. એલ બી.


## કાયોત્સર્ગ

ગયા અંકથી ચાલુ


: મૂળ લેખક :
પૂ. શ્રી વિજયવલ્લભસૂરિશ્વરજી મ. સા

: અનુવાદક :
ડૉ. કુમારપાળ દેસાઈ


હકીકતમાં આ ચારેય સ્તુતિઓ કાયોત્સર્ગની સુંદર સાધના માટે કાયોત્સર્ગ-ક્રિયાના સમયે કરવામાં આવે છે આવી રીતે દ્રવ્ય કાયોત્સર્ગની તાલીમ લઇને કેળવણી પામેલી વ્યક્તિ ભાવ-કાયોત્સર્ગ તરફ વળે છે ભાવ-કાયોત્સર્ગમાં કાયાના નિમિત્તે થતાં કષાય, પ્રમાદ, મિથ્યાત્વ, રાગદ્વેષ, વિષયોના સંકલ્પ વિકલ્પ આદિ દુર્ભાવોનો ઉત્સર્ગ ( ત્યાગ ) કરીને આત્માને શુદ્ધ ભાવમાં સરળતાથી સ્થિર કરી શકાય છે. 'ભગવદ્‌ગીતા'ના બે શ્લોકો દ્વારા આત્માના શુદ્ધ સ્વરૂપની ભાવ-કાયોત્સર્ગમાં થતી ભાવના જોઇ શકાય છે.

"नैनं छिन्दन्ति शस्त्राणि, नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो, न शोषयति मारुतः ।
अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च ।
नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः ॥"

"આ આત્માને શસ્ત્ર કાપી શકતા નથી અગ્નિ બાળી શકતા નથી. પાણી ભીંજાવી શકતો નથી અને હવા સૂકવી શકતી નથી એ અછેદ્ય, અદાહ્ય, અક્લેદ્ય અને અશોષ્ય છે આ આત્મા નિત્ય, સનાતન, સર્વવ્યાપી, અચલ અને પોતાનામાં સ્થિર છે"

દ્રવ્ય-કાયોત્સર્ગમાં કંઇક ગરબડ થવાથી પ્રસન્નચંદ્ર રાજર્ષિએ એકાગ્ર ધ્યાન બનીને ભાવ-કાયોત્સર્ગ કર્યો. તેઓ દુર્ભાવના હિંડોળે ઝૂલવા લાગ્યા હતા. પરંતુ તુરત જ જાગૃત થઇને કાયોત્સર્ગના અગાઉ કહેલા ભાવોમાં સ્થિર થઈ શુદ્ધ આત્માના સ્વરૂપનું ચિંતન કરતાં કરતાં શુક્લ ધ્યાનમાં આરૂઢ બનીને કેવળજ્ઞાન પામ્યા.

મિત્રો ! કાયોત્સર્ગની સાધના આત્માને અજર-અમર પદ પર પહોંચાડવા માટે છે એની સમ્યક્ પ્રકારે સાધના કરવાથી તમે સહુ પરમ કલ્યાણ પ્રાપ્ત કરી શકશો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્ઞાનપદ

# ભવસાગર તરવા
# નવ નાવા નૌકા-૭

વ્યાખ્યાતા :- પૂ. પં. પ્રદ્યુમ્નવિજયજી ગણી.

જીવનો પ્રબળ પુણ્યોદય હોય ત્યારે આવી શ્રી નવપદજીની આરાધનાનો અવસર મળે છે મળ્યા પછી હળુકર્મી આત્મા તેને આત્મસાત કરે છે. આત્મા કર્મથી હળવો હોય તો જ તેને આવા તત્ત્વ ઉપર રુચિ જાગે. રુચિ એટલે અકાર પ્રીતિ. આપણે ગઈ કાલે જે સમ્યગ્દર્શનપદના વિચારણા કરી તે સમ્યગ્દર્શનની એક વ્યાખ્યા એવી પણ આવે તે तत्त्वरुचिरूपाय श्री सम्यग्दर्शनाय । આ સમ્યગ્દર્શન તત્વની રુચિરૂપ છે. તત્ત્વની રુચિ એટલે શું ? નિદાન, નિયાણું અને આશંસા વિનાની પ્રીતિ તે રુચિ ધર્મ આરાધના કરતાં પહેલા ફળની ઇચ્છા તે આશંસા. ધર્મક્રિયા કર્યા પછી તેના ફળસ્વરૂપે પરલોકાદિમાં સુખ વગેરેની વાંછા તે નિયાણું, આવા નિયાણું અને આશંસા-રહિતપણે જે પ્રીતિ તે રુચિ. અને ત્રણે કાળમાં ટકે તે તત્ત્વ છે તેના એક અપેક્ષાએ ત્રણ પણ છે તેને તત્ત્વત્રયી કહેવાય છે. આ ત્રણ તત્ત્વ એટલે દેવ, ગુરૂ અને ધર્મ. ધર્મના ચાર પ્રકાર છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપ આજે આપણે જ્ઞાનની વિચારણા કરવાની છે. જ્ઞાન બહારથી લાવવાનું નથી. એ તો આપણા આત્મામાં જ છે. તેની ઉપર કર્મના-કાર્મણ વર્ગણાના આવરણ આવી ગયા છે તેને ખસેડવાના છે એ ખસે એટલે જ્ઞાનની ઉપલબ્ધિ થાય-પ્રાપ્તિ થાય. જ્ઞાન તો આપણું સ્વરૂપ જ છે. પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજે અમૃતવેલીની સજ્ઝાયમાં ગાયું છે.

'અખય અકલંક છે જીવનું
જ્ઞાન આનંદ સ્વરૂપ રે'

જ્ઞાન અને આનંદ તો જીવનું સ્વરૂપ છે ચંચળમાં પણ ચંચળ મનને સ્થિર કરવાનું સાધન જ્ઞાન છે જેમ ઘડો હોય તો પાણી સ્થિર રહે તેમ જ્ઞાન હોય તો મન સ્થિર રહે. તનને પવિત્ર કરનાર તીર્થ છે. ધનને પવિત્ર કરનાર દાન છે તેમ મનને પવિત્ર કરનાર જ્ઞાન છે.

તન પવિત્ર તીરથ ગયે, ધન પવિત્ર કર દાન,
મન પવિત્ર હોત તબ, ઉદય હોત ઉર જ્ઞાન

આ જ્ઞાનને પામવાનો સરળ ઉપાય કયો ! પૂજ્યપાદ ઉમાસ્વાતિજી મહારાજ 'પ્રશમરતિ'માં કહે છે.

संपर्कोद्यम सुलभं चरणकरणसाधकं
श्रुतज्ञानम् ॥

શ્રુતજ્ઞાન સંપર્ક અને ઉદ્યમથી સુલભ છે. સંપર્ક અને ઉદ્યમ બન્ને મહત્ત્વના છે. જ્ઞાનીનો સંપર્ક અને જ્ઞાન પ્રત્યેનો ઉદ્યમ આ બે હોય તો જ્ઞાન પ્રગટયા વિના ન રહે. એકલો સંપર્ક કે માત્ર ઉદ્યમ કામ ન લાગે. બન્ને જોઈએ. તેમાં પણ પહેલો જ્ઞાનીનો સંપર્ક જ જોઈએ તે પછી ઉદ્યમ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કર્મનો છે, એક રીતે વિચારીએ તો જ્ઞાનના આઠે આચારના બીજ આ બે પદમાં તિરોહિત છે, છૂપાયેલા છે. જ્ઞાનીના સંપર્કથી જ્ઞાન કેવું મળે છે, ક્યારેક તો અલ્પ ઉદ્યમથી પણ કેવું મળે છે તે જાણીએ જોઈએ તો તાજુબી થયા વિના ન રહે. મયણાસુંદરીની જ વાત લો ને. એના સમગ્ર જીવનની, ઉત્તમતાની આધારશિલા તેના માતા અને અધ્યાપક છે. આ બેની બાદબાકી કરો તો મયણાના જીવનનો નકશો સાવ નિરાલો બની જશે. સાવ નાની કુમળી વયમાં કક્કો બારાખડી ને દેશી હિસાબ એટલે આંક શીખવતી વખતે તેના કોરા મન-મગજમાં પ્રભુશાસનના કેવા મહત્ત્વના પદાર્થ-પાઠ ભણાવી દીધા. નીતિકારો કહે છે કે यन्नवे भाजने लग्नः संस्कारो नान्यथा भवेत् । નવા વાસણમાં, કોરા ઘડામાં જે વસ્તુ પહેલાં ભરીએ તેની સુવાસ કાયમ રહે. મયણાસુંદરીને સાવ બાલ્ય-વયમાં એકડે એક, બગડે બે શીખવવાની વયમાં જ કેવું ઊંચું તત્ત્વજ્ઞાન શીખવાડ્યું હતું. શ્રીપાળ રાસમાં મયણાના ભણતરની વાત આવે છે "નય જાણે નવતત્ત્વના" તમને નવતત્ત્વના નામો આવડે તો ય ભાગ્યશાળી.

एगा मज्झा दुविहो नयो, कालत्तयं गइ चउक्कं ।
पंचेव अत्थिकाया, दव्वछक्कं सत्तनया ॥ १ ॥
अट्ठेव य कम्माइं, नवतत्ताइं च दसविहो
धम्मो ।
एगारस पडिमा, बारसवयाइं गिहीणं
च ॥ २ ॥

(सिरि सिरिवालकहा)

વિશ્વમાં આત્મા એક જ છે તેને સમજવામાં ઉપયોગી નયો બે છે. દ્રવ્યર્થિક નય અને પર્યાયા-થિક નય. આ આત્મા ભૂત-ભવિષ્ય અને વર્તમાન એમ ત્રણે કાળમાં ટકે છે તે આત્મા મનુષ્ય-દેવ-તિર્યંચ અને નારક એમ ચાર ગતિમાં ભમે છે. આ ચારગતિ જેમાં આવી છે તે લોક પાંચ પ્રકારના અસ્તિકાયથી ભરેલો છે. જીવાસ્તિકાય, પુદ્ગલા-સ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશા-સ્તિકાય આ જ પ્રમાણે જીવ વગેરે છ દ્રવ્યો, નૈગમ વગેરે સાતનય, જ્ઞાનાવરણીય વગેરે આઠ કર્મ, જીવ-અજીવ વગેરે નવતત્ત્વ ક્ષમા વગેરે દશ પ્રકારનો યતિધર્મ, શ્રાવકની અગ્યાર પ્રતિમા અને ગૃહસ્થના અણુવ્રત, ગુણવ્રત અને શિક્ષાવ્રત રૂપી બારવ્રતો.

આ પદાર્થવાદ થોડી બીજી રીતે પણ વિચારી શકાય છે. .

સર્વ જીવોના આત્મા એક છે. તેને સંસારમાં રખડાવનાર રાગ અને દ્વેષ બે છે. તેનાથી મુક્ત થવાનો ઉપાય જ્ઞાન-દર્શન-ચારિત્ર એ રત્નત્રયી છે. તેની પ્રાપ્તિ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી દાન-શીયળ-તપ અને ભાવ એ ચાર પ્રકારના ધર્મની આરાધના અવશ્ય કરવી જોઈએ. તેની આરાધના કરતાં કરતાં જ પાંચ પ્રકારના જ્ઞાનાચાર વગેરેને આચરવાના. તેની આચારણા છ પ્રકારના જીવનિકાયની રક્ષા માટે કરવાની તેની રક્ષા કરે. દયા પાળે તેને સાત પ્રકારનો ભય ન રહે. સાત પ્રકારનો ભય જાય તેને આઠ કર્મ ન સતાવે, આઠ કર્મને કાઢવાની તાકાત નવતત્ત્વના શ્રદ્ધાનમાં છે. નવતત્ત્વમાં શ્રદ્ધા પ્રગટે તો દશ પ્રકારના યતિધર્મ ગમ્યા વિના ન રહે. તે ન લેવાય ત્યાં સુધી અગ્યાર પડિમા વહન કરે અને બાર વ્રત સ્વીકાર કરે. બાર વ્રતનું પાલન તેર કાઠિયા કાઢીને કરે. તે જીવ ક્રમે કરીને ચૌદ ગુણસ્થાનકની સ્પર્શના કરી અને પંદરમાંથી કોઇ પણ એક ભેદે સિદ્ધ થાય.

આમ જ્ઞાનીના સંપર્કથી નાની ઉંમરમાં કેવું મૌલિક અને મહત્ત્વનું સમ્યગ્જ્ઞાન મળી જાય. અને જ્ઞાની-અધ્યાપક પાસે અધ્યયન કરાવવાની-ભણાવવાની પણ એવી કળા હોય કે વિદ્યાર્થીને વગર પ્રયાસે-અલ્પ પ્રયત્ને જ્ઞાનની પ્રાપ્તિ થઈ જાય. તેને ભણવામાં નિરસતા કે બોજો ન લાગે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેમ કે આપણે ત્યાં પાંચ ઇન્દ્રિયના ત્રેવીશ વિષયની વાત આવે છે. તેમાં સ્પર્શનેન્દ્રિયના આઠ વિષયની વાત છે, આમ તો એ આઠ વિષય જાણીતા છે. ચાર જોડકા જ છે. શીતલ અને ઉષ્ણ, કઠિન અને મૃદુ ગુરુ એટલે કે ભારે અને લઘુ એટલે કે હળવા, રૂક્ષ એટલે કે લુખ્ખો સ્પર્શ અને આઠમો સ્નિગ્ધ સ્પર્શ. આ આઠ થયા. તેને વિદ્યાર્થી સરળતાથી યાદ રાખી શકે તે માટે અધ્યાપક તેને શરીરમાં જ એ આઠે આઠ સ્પર્શનો પરિચય કરાવે તો તેને તરત જ યાદ રહી જાય.

જેમકે આપણા કાનની બુટ જેને સંસ્કૃતમાં કર્ણપાલી કહે છે તે હંમેશા શીતલ ઠંડી જ હોય છે. સભા કર્ણપાલીને અડકીને કહે છે કે–'હા', શીતળ છે. બગલનો ભાગ ઉષ્ણ જ હોય છે, પગના તળીયા કઠણ જ હોય છે જીભનું તાળવું જીભની નીચેનો ભાગ મૃદુ-મુલાયમ જ હોય છે. હાડકા ગુરુ–ભારે હોય છે અને વાળ કાયમ હળવા જ હોય છે. ગમે તેટલું ઘી પીવા છતાં જીભ લુખી જ હોય છે. અને આપણી આંખના ખૂણા સદા સ્નિગ્ધ ચીકણાં જ હોય છે. આમ આવા જ્ઞાનીનો સંપર્ક થાય તો જ્ઞાન કેવું તુર્ત મળે છે.

સંપર્ક અને ઉદ્યમને એકસાથે પૂર્ણ સફળતાની ટોચે પહોંચેલા જોવા હોય તો આપણને તે શ્રી વજ્રસ્વામીજી મહારાજના જીવનમાં જોવા મળે છે. આપણે ત્યાં શ્રી સંઘમાં શ્રી વજ્રસ્વામીજી મહારાજના જીવનનો ઉત્તરાર્ધ ભાગ બહુ જાણીતો છે. જો કે એ પણ બહુ જ રોચક, પ્રેરક અને પ્રોત્સાહક છે. આપણે એ ભાગ સંક્ષેપમાં જોઇને પેલો મહત્ત્વનો ભાગ વિસ્તારથી જોઇએ.

તુંબવન સન્નિવેશ, ધનગિરિ શ્રાવકપુત્ર, જન્મથી સહજ રીતે જ ભવ પ્રત્યે વૈરાગી લગ્નની અનિચ્છા, છતાં માતા-પિતાના આગ્રહથી સુનંદા સાથે લગ્ન. સુનંદા સગર્ભા થાય અને પોતે સંસારનો ત્યાગ કરીને પ્રભુના માર્ગે ચાલી નીકળ્યા. શ્રી સિંહગિરિજી પાસે શ્રાવક ધર્મ સ્વીકર્યો.

આ બાજુ સુનંદાએ યોગ્ય સમયે બાળકને જન્મ આપ્યો. હાજર રહેલી સુનંદાની સખીઓથી બોલ્યા વિના ન રહેવાયું બધી એકી અવાજે બોલી, અ....હા....હા... આ બાળક તો કેટલુ સુંદર અને સોહામણુ છે. જો તેના પિતાએ દીક્ષ ન લીધી હોત અને તે હાજર હોત તો આ બાળકનો કેવો જન્મોત્સવ કરત! સખીઓના મુખમાંથી સહજ રીતે જ સરી ગયેલા દીક્ષા શબ્દે આ બાળકને જગાડી દીધો દીક્ષા શબ્દ સાંભળતાંવેંત તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. જન્મતાંવેંત દીક્ષા લેવી એવો ગયા ભવમાં કરેલો સંકલ્પ યાદ આવ્યો અને તેણે વિચાર્યું કે આ દીક્ષામાં બાધક શું અને સાધક શું? વિચારતા ખ્યાલ આવી ગયો કે મારા માતાને મારા ઉપર ઘણો જ મોહ છે તે મોહ નહીં ઘટે ત્યાં સુધી મને એ મારી મનગમતી ચીજ નહી મળે બસ એ જ ક્ષણથી માતાને મોહ ન થાય અને હોય તે પણ ઘટતે જાય તે માટે ઉપાય અજમાવવો શરુ કર્યો, બાળ આ અવસ્થામાં બીજું શું કરી શકે? તેણે રડવાનું શરુ કર્યું. સુનંદા તેને અડી નથી ને તેણે ભેંકડે તાણ્યો નથી. બાળકે જોયું કે આ ઉપાય કારગ નીવડી રહ્યો છે. બસ, જેમ સુનંદા વધુ હેતથી તેને તેડવા-રમાડવા જાય તેમ તે વધુ જોરથી રડે. સોના કરતાં કાંસાનો રણકાર વધારે હોય. સાચા રુદન કરતાં ખોટું કૃત્રિમ રુદન વધુ અવાજવાળુ, વધારે બોલકું હોય માં થોડા જ વખતમાં કંટાળી ગઈ. એક પક્ષી પ્રીત કેટલી નભે. વન-વે વ્યવહાર લાંબો ન ચાલે તમે ફોન કર્યા કરો ને સામે રોંગ નબર રોંગ નબર બોલ્યા કરે તો તમે શું કરો?

સાવ નાની વયમાં કેવી તાલાવેલી? કેવી તમન્ના? કેવી નિષ્ઠા? બસ....આપણે આ નિષ્ઠાનું પગેરું શોધવું છે. હજી આપણે થોડા આગળ જઇએ. પછી પાછા પગલે એના સગડ શોધવા જઈશું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બાળકના એ રુદન-પ્રયોગથી સુનંદા ચાર-પાંચ મહિનામાં તો ત્રાહિમામ્ ત્રાહિમામ્ પોકારી ગઇ. સુનંદાની સખીઓ જેવી એ બાળકને હાથમાં લે એટલે ડાહ્યો-ડમરો-શાણો-સમજુ. સુનંદા અડે એટલે આવી બન્યું. તુર્ત ગર્જારવ સાથે શ્રાવણ-ભાદરવાનાં સરવણાં શરૂ. કંટાળીને સુનંદાએ નક્કી જ કર્યું કે આમાં મારા એકલાની કાંઇ જવાબદારી નથી. એમની પણ એટલી જ જવાબદારી છે. એ સાધુ થઇ ગયા તો શું થયું ? એ આ ગામમાં આવે એટલી જ વાર એમને જ વ્હોરાવી દઉં સોંપી દઉં.

બાળકને છ મહિના થયા અને શ્રી સિંહગિરિજી મહારાજ સહુપરિવાર ત્યાં પધાર્યા, ધનગિરિજી વ્હોરવા આવ્યા. સુનંદાએ તો નક્કી જ કર્યું હતું. કંટાળીને સોંપવાની વાત કરી. ધનગિરિજીએ કહ્યું, સાક્ષી કોણ ? પછી તમે ફરી જશો, સખીઓને સાક્ષી કરી બાળક વ્હોરાવી દીધો. બાળક ઝોળીમાં આવતાંવેંત શાંત બની ગયું. શ્રી સિંહગિરિજી મહારાજ આદિ તો ઠેઠ ગામની બહાર ઉધ્યાનમાં સમવસર્યા હતા. ગામથી ત્યાં સુધી આ હુષ્ટ-પુષ્ટ બાળકને જતાં જતાં ઉદ્યાનમાં પેઠાં. ત્યાર ધનગિરિજીના હાથ વધુને કેડ નમી ગયા. ગુરુએ જોતાં જ પૂછયું કે આ શું વજ્ર જેવું વજનદાર લઇ આવ્યા છો ? ઝોળી નીચે મૂકી તો હસતાં-રમતાં કિલ્લોલતાં બાળકને જોયો. બધાએ જ કહ્યું, ગુરુ મહારાજના મુખે સહજ જ નામ ચઢયું છે તો આનું નામ વજ્ર રાખો. પછી તો તેની સારસંભાળ શ્રાવિકાને સોંપી, તેનું ઘોડીયું સાધ્વીજી મહારાજના ઉપાશ્રયે રાખ્યું. વજ્ર ઘોડીયામાં સૂતાં-સૂતાં. પારણામાં ઝૂલતાં-ઝૂલતાં સાધ્વીજી મહારાજના મુખથી જે આચારાંગસૂત્ર વગેરે અગીયાર અંગની વાચના/પૃચ્છના/પરાવર્ત્તના રૂપ સ્વાધ્યાય થઇ રહ્યો છે. તેને સાંભળે છે અને પદાનુસારિ લબ્ધિના પ્રભાવે બધું કંઠે કરતા જાય છે. વજ્ર એ જન્મથી લઇ કયારેય સચિત જળ સુદ્ધાં વાપર્યું નથી, ત્યાં સાધ્વીજીના ઉપાશ્રયે જે અઢી વર્ષ વીતાવ્યા તેમાં એટલે કે ત્રણ વર્ષના થયા ત્યાં સુધીમાં આ અગીયાર અંગ કેવી રીતે તેઓને કંઠે રમવાં લાગ્યા ?

બસ ! હવે અહીંથી • આવા જ્ઞાનાવરણીય કર્મના તીવ્ર ક્ષયોપશમનું કારણ શોધવા પાછા પગલે જઇએ. વજ્રસ્વામીની પહેલાંનો તેમનો દેવલોકનો ભવ હતો. એક દિવસ તેમના એક મિત્ર તિર્યક્ જાંભૃક દેવની પ્રેરણાથી તેમની સાથે અષ્ટાપદ તીર્થની યાત્રાએ દર્શન-વંદન-પૂજન કરવા ગયા યોગાનુયોગ એ જીવોની ભાવિતવ્યતા ઊજળી હશે કે એ જ દિવસે પ્રથમ ગણધર, ચાર જ્ઞાનનાં ધણી, અનંત લબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામી ભગવાન પણ અષ્ટાપદ તીર્થે યાત્રા નિમિત્તે પધાર્યા.

નિરંતર તપ કરીને સાવ કૃશ ને દુર્બળ થઇ ગયેલા તાપસો જોતાં રહ્યા, વિચારતા રહ્યા કે "કિમ ચઢસે દૃઢકાય ગજજિમ દીસે ગાજતો એ" અને ગૌતમ મહારાજા તો સૂરજના કિરણ પકડીને સડસડાટ ઉપર ચઢી ગયા.

ગૌતમ મહારાજાનું હુષ્ટ-પુષ્ટ શરીર, સુવર્ણવર્ણી કાયા, તેઓ દર્શન-વન્દન કરી રહ્યા હતા. સ્તુતિ બોલી રહ્યા હતા, जगचिंतामणि जगहनाह जंगगुरु जगरक्खणे અને પેલા દેવ આ પ્રભુને જોવાને બદલે આ ગૌતમમહારાજાને જ ટગરટગર જોયા કરતા હતા. ગૌતમ મહારાજા તો સૌભાગ્યના ભંડાર હતા. જોતાંવેંત ગમી જાય તેવા હતા. આ દેવને પણ જોઇને 'મનમાં લાગ્યા મીઠ' પણ બીજી બાજુ મનમાં મૂઝવણ થવા લાગી. તેમણે એવું સાંભળ્યું હતું કે 'साधवस्तु तपोधना:' સાધુઓ તો તપસ્વી હોય અને તપસ્વી કૃશકાય હોય-દુર્બળ હોય, જ્યારે આ તો હુષ્ટ-પુષ્ટ છે. આમ કેમ ? આ વિચારણામાં તેઓ દેરાસરની બહાર આવ્યા ત્યાં ગૌતમ મહારાજા બિરાજમાન હતા.

શ્રી ગૌતમ મહારાજાને મનઃપર્યવજ્ઞાન હતું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ જવલ્લેજ જ તેઓ એ જ્ઞાનનો ઉપયોગ મૂકતાં. પણ આ દેવનું ભાવિ ઉજ્જવલ હશે તે તેમણે ઉપયોગ મૂકયો, અને આ દેવના મનમાં ચાલતી શંકા જાણી. ગૌતમ મહારાજા વિચારતા હતા ત્યાં આ દેવે કહ્યું કે કાંઇક ઉપદેશ પ્રદાન કરો આવા પુરુષ માટે કહેવાય છે કે, दृष्टमालोकनापस्य शिष्याशयवशानुगा ॥ તેઓ શ્રોતાના આશયને અનુરૂપ દેશના આપતા હોય છે. શ્રોતાઓ વક્તાની લગામ છે. શ્રોતા જો જ્ઞાતા હોય તો વકતાનું જ્ઞાન ઘણું પ્રકટ થાય ઉપાધ્યાયજી મહારાજ જંબૂરાસમાં કહે છે કે- 'જાણજ શ્રોતા આગળે વક્તા કલા પ્રમાણ' તેઓએ શ્રોતા માટે પ્રસંગે પ્રસંગે ઘણું લખ્યું છે તેઓએ અગીયાર અંગની અગ્યાર સજ્ઝાય લખી છે તેમાં પણ લખે છે કે જે શ્રોતા સાંભળીને આચરણ કરે "તેહવાને તમે ધર્મ સુણાવો ફલ લીયે રોકડરોક" બાકીના તો "ફુંડ શોષ કરાવે ફોક", શ્રોતા માટે કહ્યું છે કે "मध्यस्थो बुद्धिमानर्थी श्रोता पात्रं इति स्मृतः" શ્રોતાના સંખ્યા ભલે ઓછી હોય પણ તેના અંદરના સ્રોત ચાલુ હોય તો થોડા પણ તરી જાય. શ્રોતા યોગ્ય જોઈએ. વિનોદને માટે એક વાત કહું, એક હસ્તલિખિત પાનામા સભા માટેના બે છપ્પા વાંચેલા. તેમા બ પ્રકારની સભા વર્ણવી છે

(૧)

પ્રથમ શ્રોતાગુણ એહ, નહ કરી નયણે નીરખે;
હસત વદન હુંકાર, સાર પંડિત ગુણ પરખે.
શ્રવણ દીયે ગુરુવયણ, સયણતા રાખે સરખે,
ભાવ ભેદ રસપ્રીત, મનમાંહિ હરખે
વેધક વિનય વમળ સાર ચતુરાઈ અગાળા,
કહે કૃપા એહવી સભા કવિયણ તિહાં હાખ કળા,

(૨)

કે બેઠા ઊંઘય જાય કે અધવચ ઊઠી,
હસે કરે કેઇ ગોઠ કોટ કરી કેઇ અપૂઠી,
કેઈ રમાવઈ નિજજાત વાત કે માંડે ભૂંડી
કે નવ જાણે મર્મ ધર્મમતિ જાણઇ જૂઠી.
કે ગલહથા દેય ગોડા વચ્ચિ ઘાલે ગલા,
કહે કૃપા એહવી સભા હાવયણ સી દાખે કલા?

આમાં પહેલી જ સભા સારી.

ગૌતમ મહારાજાએ પેલા તિર્યંક જાભૂક દેવના મનના સંશયનું નિરાકરણ કરવા માટે જ પુંડરીક-કંડરીકની કથા કહી અને સંયમને મનના પરિણામ જોડે સંબંધ છે. શરીરની હુષ્ટતા કે શષ્ટતા જોડે નહીં એવું પ્રતિપાદન કર્યું. એક તો જોતાવેંત ગૌતમ મહારાજા ગમી ગયા હતા અને તેનાં મનનાં ચાલતી વાતનું વગર પૂછે નિરાકરણ કરી આપ્યું એટલે 'દૂધમાંહી ભલી શીતોપલા' જેવું થયું.

તે ક્ષણથી આ દેવના મનમાં ગૌતમ મહારાજાની આકુત અને તેઓએ કહેલા પુંડરીક કંડરીક અધ્યયનના અક્ષરો અંકિત થઇ ગયા. કાતરાઇ ગયા, આવા જ્ઞાની પુરુષનો સંપર્ક જીવનના ઉર્ધ્વારોહણનું નિમિત્ત બની ગયું. બસ પછી તો પુંડરીક-કંડરીક અધ્યયનના પાઠનો ઉદ્યમ નિરન્તર કરવા લાગ્યા. આવશ્યકચૂર્ણિ[૧]માં અક્ષરો છે કે ;

तत्थ वेसमणो, अहो भगवता आकूतं णातं ति परम अतीव संवेगमावन्नो, वंदित्ता, पडिगओ, तत्थ वेसमणस्स, एगो सामाणिओ देवो, तेण तं पुंडरीयज्झयणं ओगाहितं पंचसयाणि समतं च पडिवन्नो ।

आव. चूर्णि, पृ. ३८९ प्रथम भाग !

૧. આ જ ઉલ્લેખ વન્દારુવૃત્તિ પત્ર-૩૧ શ્રાદ્ધદિનકૃત્ય પ્રથમ ભાગ પત્ર ૭૪

રોજ ૫૦૦ વખત આ અધ્યયનનો સ્વાધ્યાય કરતાં હતા. આમ રોજે રોજ આ અધ્યયનનો પાઠ કરવાથી આ શબ્દો રોમરોમમાં વસી ગયા દેવલોકના ૫૦૦ વર્ષ સુધીનો આ સ્વાધ્યાય આત્મસાત્ થઇ ગયો. લાખ વાર સ્વાધ્યાય થાય તો જન્મ સુધી ભૂલાય નહી, અને કોટિવાર પાઠ કરવાથી અન્ય જન્મમાં આવે પણ છે

કહ્યું છે કે- लक्षेण जन्मपर्यन्तं कोट्या जन्मान्तरे खलु ॥

આવો સતત, નિરંતર દીર્ઘકાળ સુધી સ્વાધ્યાય કર્યો તેનું પરિણામ આ ભવમાં મેળવ્યું.



For Private And Personal Use Only

"ત્રણ વરસના સાધવી મુખથી અંગ અગીયાર ભણંતા રે"

માત્ર ત્રણ વર્ષ જેવી કુમળી વયમાં અગીયાર અંગસૂત્ર કંઠે કંઠે થઈ જવા પાછળ આ દેવના ભવમાં અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમ મહારાજાનો સંપર્ક અને તેમના મુખકમળમાંથી નીકળેલું પુંડરીક કંડરીક અધ્યયનને આત્મસાત કરવા માટે કરેલો અનન્ય ઉદ્યમ, આ બે તત્ત્વોએ તેમને શ્રી વજ્રસ્વામી બનાવી દીધા. આપણે પણ આ ચરિત્રમાંથી આ જ બે બોધ તારવવાના છે. જ્ઞાનીનો વિનય, બહુમાનપૂર્વક સંપર્ક કરવાનો છે. અને જ્ઞાની પ્રત્યેના અવિનય-આશાતના ટાળવાના છે. જ્ઞાની પણ કેવા કેવા હોય છે-

૧૨૫ વર્ષ પહેલા એક જ્ઞાનસારજી મહારાજ નામે મુનિરાજ થઈ ગયા. તેઓના નામ પ્રમાણે ગુણ હતા. જ્ઞાનની જ ધૂન શ્રી આનંદઘનજી મહારાજના ૨૦ સ્તવન ઉપર તેમણે ચિંતન શરૂ કર્યું. શબ્દ, અર્થ તેનું મનન અને પછી ચિંતન વર્ષો વીત્યા. તમે ધારો ! કેટલા વર્ષ એ ચિંતનમાં વીત્યા હશે ? તેમનું ચરિત્ર કહે છે ૪૦ વર્ષ વીત્યા. પણ તેના સંપૂર્ણ અર્થ ને તાત્પર્યને તેઓ પામી ન શક્યા. તેમની પાસે ભણનારાએ કહ્યું, બાપજી આ જેટલું ચિંતન થયું છે તે લખી દો. પૂરું તો ક્યારે કરશો. જ્ઞાન તો અગાધ છે. શ્રાવકોની આવી આગ્રહભરી વિનંતિથી એમણે એ વિવરણ લખ્યું જે આજે મળે છે. શ્રી જ્ઞાનસાગરજીમાં નિઃસ્પૃહતા પણ એવી જ હતી. ખાવા, પીવા, પહેરવા, ઓઢવામાં સાવ બેપરવા. આ બધાંથી ઉપર ઊઠી ગયેલા. આવા જ્ઞાનીના દર્શન પણ તારે. એ જ રીતે જ્ઞાનના સાધનો પ્રત્યે પણ આદર કેળવવાનો છે અને જ્ઞાન પ્રત્યે એકાંત ઉપાદેયબુદ્ધિ કેળવવાની છે અને તેવા ભાવપૂર્વકનો નિત્ય ઉદ્યમ કરવાનો છે. એક શાસ્ત્રવચન છે કે પંદર દિવસમાં સોળ અક્ષર કંઠે થઈ શકે ત્યાં સુધી ભણવાનો ઉદ્યમ મૂકવો નહીં. દા. ત. 'दर्शनं देवदेवस्य, दर्शनं पापनाशनम्' આ સોળ અક્ષર થયા. આટલા અક્ષર અને દિવસ મર્યાદા પંદર. તમે બધા આટલા બુદ્ધિશાળી તો છો જ સંપર્ક પણ થાય છે. માત્ર ઉદ્યમ કરો તો જરૂર જ્ઞાન ચઢે. એનો એક બીજો ઉપાય વિરાધના ટાળવાનો છે. નિવાર્ય કોટિના વિરાધના તો ટાળવી જ જોઈએ.

જેમ કે ટિકીટ, કવર, ચોડતી વખતે થૂંક લગાડવું, રૂપિયા ગણતા કે ચોપડી વાંચતા થૂંકવાળી આંગળી કરવી. અક્ષરવાળા પગ લૂછણીયા વાપરવા. એંઠા મોઢે બોલવું આ બધી નિવાર્ય કોટિની વિરાધના છે તે ટાળવી જોઈએ અને જ્ઞાન ચઢે તે માટે રોજ (જ્ઞાનના ભેદ એકાવન છે એટલે એકાવન અથવા ઓછામાં ઓછા પાંચ ખમાસમણા દેવા જોઈએ. આ રીતે પ્રાપ્ત થયેલું જ્ઞાન આપણે સાધન લેખે સાધવાનું છે, સાધ્ય તો ચારિત્ર છે. સંપર્ક અને ઉદ્યમથી પ્રાપ્ત થયેલા જ્ઞાનને चरणकरणसाधक श्रुतज्ञानम् કહ્યું છે.

જ્ઞાન એટલે જાણવું. જાણ્યા પછી આદર અને પરિહાર આવે તો જ તે પૂર્ણ થાય. જ્ઞ પરિજ્ઞાથી જાણે અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી ત્યાગ કરે. એક મગની બે ફાડ એક માર્ગના બે બાજુ જ્ઞાન અને ક્રિયા 'જાણ્યું' તો તેણે ખરું જે મોહે નવ લેપાય એવી જ બીજી પંક્તિ છે. 'ચારિત્ર ધર્મ' જસ મન વસ્યો સફળો તસ અવબોધ' જ્ઞાનથી અજ્ઞાન ટળે તેટલું જ તેનું ફળ નથી. અજ્ઞાનની સાથે સાથે મોહ પણ દૂર થવો જોઈએ, ત્યારે જ તે સમ્યગ્‌જ્ઞાન બને છે.

अन्नाण संमोह तमोहरस्स

नमो नमो नाणदिवायरस्स

આ સંમોહ જાય તે જ ચારિત્ર સાથે આવે આનું ચારિત્ર એ તો જીવનની ઉચ્ચકળા છે જ્ઞાનની સૌરભ છે.

એ સમ્યક્‌ચારિત્રનું પ્રભુ શાસનમાં બહુ સૂક્ષ્મ વર્ણન છે. અનેક ભેદ બતાવ્યા છે. તેનું ફળ મુક્તિ છે. વગેરે વર્ણન.

અત્રે અધિકાર વર્તમાન જોગ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ૐ હ્રીઁ અર્હનમઃ

પૂ. પં. પૂર્ણાનન્દવિજયજી મહારાજ સાહેબ
( કુમાર શ્રમણ )

કેવળજ્ઞાન પ્રાપ્ત મહાવીરસ્વામી પરમાત્માને, પરમપૂજ્ય ગુરુદેવોને, દ્રવ્ય તથા ભાવથી વન્દન કરી મારામતિ, શ્રુતિ અને અનુભૂતિ પ્રમાણે કેવળ-જ્ઞાન મેળવવાને માટેના બાધકતત્ત્વ ૧૮. પાપસ્થાનકોની વિસ્તૃત વ્યાખ્યા કરવાનો પ્રયત્ન કરીશ.

અતિગહન સંસારચક્રમાં, દેવ દાનવ કે માનવ હોય, જગદમ્બા રૂપે પ્રસિદ્ધિ પ્રાપ્ત દેવીઓ હોય કે પંડિત-મહાપંડિત હોય, ઋષિ-મહર્ષિ કે આકાશમા ઉડનારા વિદ્યાધરો હોય તે બધાય રમત-ગમતના મેદાનમાં પડેલા ફૂટબોલની માફક કરેલા કર્મોની ઠોકર ખાઈને સંસારની ૮૪ લાખ શેરિ-ઓમાં રખડતા હોય છે. શા માટે રખડતા હશે ? અપુનરાવર્તનીય મુક્તિ (મોક્ષ) શા માટે મેળવી શકતા નથી તથા આત્યન્તિક અને ઐકાન્તિક સુખ-શાન્તિ અંગે સમાધિ પણ મેળવી શકવા, ભાગ્ય-શાળી બની શકયા નથી ? આમાં ખરૂં કારણ શું છે ? આનો નિર્ણય કરવા માટે જંકશન જેવા મનુષ્યાવતાર સિવાય બીજો એકે ય અવતાર નથી જ.

સદ્બુદ્ધિ, સદ્વિચાર અને સદ્વિવેક, મનુષ્યાવતારનો સર્વશ્રેષ્ઠ ફળાદેશ છે. જે દેવો કે દેવેન્દ્રો પાસે પણ નથી. કેમકે-પ્રાયે તેઓ પુણ્યકર્મોના ભોગવટામાં સીમાતીત-મસ્ત બનેલા હોવાથી આધ્યાત્મિક જીવનને સફળ બનાવવા માટેના એકેય વિચાર, તેમના ભાગ્યમાં નથી. આ કારણે જ મનુષ્યાવતારને દેવદુર્લભ માનવામાં આવ્યો છે.

અનાદિઅનન્ત સંસારના ૮૪ લાખ જીવાયોનિમાં અનન્ત ભવો સારા ફળો મેળવ્યા વિનાના પૂર્ણ કર્યા. તેમાં મનુષ્યાવતારો પણ કરોડો વાર મેળવ્યા અને હીરો વેચીને કાચના ટૂકડાની જેમ સમાપ્ત કર્યા. જેમાં રાજા મહારાજા, શેઠ સાહુકારોના અવતારો મેળવ્યા. પણ તે બધાય, મોહ માયાની અફાટય જાલમાં વિષયવાસનાની દુર્ભેદ્ય અગ્નિ જવાળામાં, ક્રોધ માન-માયા અને લોભના શેતાની સકંજામાં, પુત્ર પરિવારાદિના નાશવંત સ્નેહસાગરમાં અને મિથ્યા પ્રતિષ્ઠા મેળવવાના ભ્રામક ખ્યાલા-તોમાં તથા આહાર ભય-મૈથુન અને પરિગ્રહસંજ્ઞાના ગુલામ બની પાપાનુબંધી પુણ્ય કર્મોને ઉપાજર્ન કરવામાં જ પૂર્ણ કર્યા છે, છતાં પણ રાધાવેધની સમા . એકવાર ફરીથી જયારે ચાર દિવસની ચાંદની જેવો મનુષ્યાવતાર પ્રાપ્ત થઇ જ ગયો છે. ત્યારે તેને હરહાલતમાં પણ સફળ બનાવવો એજ સાચો પુરૂષાર્થ છે. ભણતર ગણતર અને ખાનદાનીનો સર્વશ્રેષ્ઠ ફળાદેશ છે.

મોહમાયાના ગાઢ અન્ધકારમાં, અનાદિકાળથી રખડતો આત્મા અનન્ત શક્તિનો માલિક હોવા છતાં પણ અષાઢ શ્રાવણના ઘનઘોર વાદળાઓમા છુપાઇ ગયેલા સૂર્યનારાયણની જેમ પોતાની એકેય શક્તિનો વિકાસ સાધી શકતો નથી, તેનું કારણ એક જ છે. સૂર્યને જેમ હજારોની સંખ્યામા કિરણો છે, તેમ આત્માને પણ અસંખ્યેય પ્રદેશો છે. અને તે બધાય કર્મોના અનન્ત પરમાણુઓથી તથા તેમના સ્કન્ધોથી તેવી રીતે આવૃત થયેલો છે. જેના કારણે પોતાના સત્પુરૂષાર્થને ચરિતાર્થ કરી શકતો નથી. સિપાઇઓના હાથમાં સપડાઈ ગયેલા અપરાધીના હાથ, પગ, કમર અને છાતી



For Private And Personal Use Only

દેવાળ દોરડાથી બંધાઈ ગયા હોય તો તેના હાથમાં રહેલી તલવાર કે આસુરી શક્તિ પણ શા કામની ? તથા રીતે કર્મરાજાના બેડીમાં જકડાઈ ગયેલા આત્માને માટે પણ જાણવું.

આત્મા પર લાગેલા, ચોંટેલા બધાય કર્મો અશુભ જ હોય છે તેવું માનવાનું નથી. શુભ કર્મો પણ હોય છે. જેના કારણે અનન્ત આકાશના એક એક પ્રદેશમાં રખડતો કોઈક સમય ફરીથી મનુષ્યાવતાર મેળવવા માટે ભાગ્યશાળી બને છે. પરન્તુ અશુભ કર્મોનો ભરમાર (પ્રાચુર્ય) એટલો તાકત હોય છે જેના લીધે ઉચ્ચાર-વિચાર અને આચારથી ભ્રષ્ટ થયેલા માતાપિતાઓ મળે છે. પુત્રો અને પત્ની મળે છે, મિત્રો અને પાડોશીઓ પણ તેવા જ મળે છે. તથા તેવું જ ભણતર, ગણતર મળે છે, જેના લીધે જાતકના જીવનમાં પણ કુબુદ્ધિ ગત વિચારો અને અસદ્ વિવેકની પ્રાપ્તિ સુલભ બને છે. ફળ સ્વરૂપે પાપ કર્મો, પાપ વિચારો અને પાપ પ્રવૃત્તિઓ જ ભાગ્યમાં શેષ રહેવા પામે છે. મતલબ કે પાપ વ્યવહારો કરવાની મુદ્દલ ઈચ્છા ન હોવા છતાં પણ પરિસ્થિતિ વશ કરવાની ફરજ પડે છે. પરિણામે મધના બાટકામાં પડેલી માખીની જેમ મોહ મિથ્યાત્વ વશ બનીને જીવન પૂર્ણ કરે છે. પૂર્વના પુણ્યને લઈ મેળવેલા શુભ સાધન સામગ્રીને પણ સફળ કરવા જેટલી પુરૂષાર્થ શક્તિ પણ સફળ બનવા પામતી નથી

ભીંત પર બારનીશની ચિકાસ જ્યાં સુધી રહેશે, ત્યાં સુધી તેના પર વિના રોકટોક કચરો લાગ્યા વિના રહેશે નહીં. તેવી રીતે અનન્ત ભવોના અનન્ત જીવો સાથે ઉપાર્જન કરેલા, પોષેલા, વધારેલા, રાગદ્વેષના, લોભપ્રપંચના, વિષય વાસનાના. કે મારકાટના, લેવડ-દેવડના ગોટાળાઓ, વિષય વાસનાના અતિ ક્રૂર આચરણો, જીવનના અસત્યાચરણો, હૈયાના માયા વિકારો અને પશુઓને પણ શરમાવે તેવા શરીરના દુરાચરણો આદિના કારણે બાંધેલા, બંધાયેલા પાપકર્મો તથા વૈર કર્મોની પરમ્પરા પ્રત્યેક ભવોમાં આત્માની સાથે જ રહેવાની છે. બેશક ! અનન્ત જીવો સાથે બંધાયેલા ઋણાનુબંધો એક જ અવતારમાં ઉદય આવવાના નથી. પણ જ્યારે જ્યારે આત્માની સાથે ઋણાનુબંધના દોરડામાં જકડાઈ ગયેલા પ્રતિપક્ષી જે જે અવતારમાં હશે. આપણા આત્માને પણ ત્યાં ત્યાં જન્મ લેવાનું સર્જાયા આનવાર્ય છે. અને અમુક સમય પૂરતા તે ઋણાનુબંધોના હિસાબ (લેવડદેવડ) ભરપાઈ કરશે ત્યારે તત્કાળજ ત્યાંથી મરીને બીજો અવતાર લેવો ભાગ્યમાં શેષ રહેશે સારાંશ કે, આ પ્રમાણે બધાય અનન્ત ભવોમાં રખડી ચૂક્યા છીએ અને રખડી રહ્યા છીએ.

ચૈતન્ય અને જડનું મિશ્રણ જ સંસાર છે. આ સિવાય બીજો એકેય પદાર્થ સંસારમાં નથી જ. જેમાં ચૈતન્ય, જ્ઞાન ભય, ક્રોધ-મોહાદિ તથા ધારણ કરેલા શરીરનું ઘટવું-વધવું દેખાય-અનુભવાય તે સર્વે ચૈતન્ય સમ્પન્ન જીવો છે. અને તેનાથી વિપરીત જડતત્ત્વ છે, જેમાં શરીર, ઇન્દ્રિયો. મન, નાક, કાન, હાથ, પગ, આદિ પદાર્થો પુદ્ગલોના સ્કન્ધોથી રચાયેલા હોવાથી જડ છે. જ્યારે આનાથી વ્યતિરિક્ત અર્થાત્ શરીરના અણુઅણુમાં બીરાજમાન આત્મા ચૈતન્ય છે. પૃથ્વી કાયિક, અપકાયિક, અગ્નિકાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક, કીડા, મકોડા, હાથી, ઘોડા, દેવ, નારક, અને મનુષ્યાદિ જીવોને જન્મ લેવાનો આધાર જ જડતત્ત્વ છે. આ કારણે જ પોતપોતાના શુભાશુભ કર્મોને ભોગવવાને માટે એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના જડ પદાર્થનો આશ્રય લેવો જ પડે છે. માટે જ શરીર ભાડાના મકાન જેવું છે, તેથી પ્રત્યેક અવતારોમાં તેની અદલાબદલી થયા કરે છે. આત્મા અનાદિકાળથી શરીર સાથે સંબંધિત હોવાથી જડતત્ત્વ આકર્ષણ હોય તે સ્વાભાવિક છે.

કર્મસત્તાની બેડીમાં ફસાયેલા આત્માને સદ્બુદ્ધિ (સમ્યગ્જ્ઞાનોદય) નો અભાવ હોવાથી કુબુદ્ધિ (અજ્ઞાનોદય) જ ભાગ્યમાં રહેલી હોવાથી પ્રકૃતિ-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાતાદિ અસત્કાર્યો તરફ જ ઝુકાવ હોવાના કારણે પાપકાર્યો કોઠે પડી ગયા છે. પ્રતિમિનિટ, પ્રતિસેંકડ અને પ્રતિસમય આત્માની લેશ્યાઓ, અધ્યવસાયો, પરિણામો અને વિચારો સ્થિર નહીં રહેતા હોવાથી જેટલી વાર લેશ્યાઓ આદિ બદલાય તેટલા કર્મોનું ઉપાર્જન અનુભવગમ્ય છે, છતાં સંસારભરમાં જેટલી સંખ્યામાં પાપો હોઇ શકે છે તે બધાઓનો સમાવેશ ૧૮ ની સંખ્યામાં શાસ્ત્ર માન્ય છે.

કોઇને પણ કહેવાનો અવસર પ્રાપ્ત થઈ શકે છે કે, અનાદિકાળના સંસારમાં પ્રાણાતિપાત, (હિંસા) મૃષાવાદ, (જૂઠ) અદત્તાદાન, (ચૌર્ય) મૈથુન (દુરાચાર) અને પરિગ્રહ તથા ક્રોધ-માન-માયા અને લોભાદિ તત્ત્વો પણ અનાદિકાળના હોવાથી આત્માનો સહજ સ્વભાવ હિંસાદિનો છે અને તે કર્મો જીવાત્માને કર્યા વિના છુટકો નથી. આના જવાબમાં જાણવાનું કે, પ્રાણાતિ પાતાદિ ભાવો સાહજિક નથી પણ વૈકારિક તથા વૈભાવિક હોવાથી આત્માનો સહજ ધર્મ હોઈ શકે નહી, કેમ કે જે કાર્યો કરવાથી માનવમાત્રને પછીથી પશ્ચાત્તાપ (પસ્તાવો) થાય, દુઃખ–મહાદુઃખ, ગ્લાની–સ્લાનિ થાય તે કર્મો આત્માના ધર્મો હોઇ શકે નહી. જેમ કે–પર જીવોની હત્યા કર્યા પછી કે જૂઠ પ્રપંચ દ્વારા બીજાની છેતરપીંડી કર્યા પછી, માનવને થોડે ઘણે પણ અફસોસ થયા વિના રહેતો નથી. તેમ અધાર્મિક મૈથુન કર્યા પછી 'पापनान्ते शोचयतीति शुक्रम् ।' આ ન્યાયે વીર્ય નાશ થયા પછી ઘણાઓને હતપ્રભ થઇ કપાળે હાથ દઇ શોક સંતાપ કરતા હોય છે કે– આવી પાપ બુદ્ધિ મને કયાંથી સૂઝી સીમાતીત પરિગ્રહનો પરમભક્ત કયારેય, સ્વપ્નામાં પણ સુખ શાન્તિ અને સમાધિ પ્રાપ્ત કરી શકતો નથી. તેમ તે બિચારાઓ ધર્મ પત્ની સાથે, પુત્ર પરિવાર સાથે બેસીને ખઇ પણ શકતા નથી. સુખ–દુઃખ કે તેમના પઠન–પાઠન માટે સમય પણ આપી શકતા નથી. થોડા આગળ વધીએ પોતાનો લાડકો પુત્ર મરણ પથારીયે હોય તો પણ ડોકટરને બોલાવવા જેટલો સમય તેમની પાસે હોતો નથી. પ્રતિશ્વાસે, વ્યાપાર, ચોપડા, ઘરાક, તિજોરી, ચેકબુક આદિ કામકાજમાંથી ઉંચુ માથું પણ કરી શકતા નથી. ક્રોધમાં ધમધમતા માનવને કેવળી ભગવંત પણ શાંતિ આપી શકતા નથી. મંત્ર, તંત્ર, દોરા ધાગા, કે જમણા શંખો પણ ક્રોધાન્ધોને શાન્ત કરી શકતા નથી. અભિમાનના ફૂંફાડા મારતા માનવનો જયારે તેનાથી સવાયો માણસ તિરસ્કાર કરે છે ત્યારે તેવા ઘમંડીરામોને ધુંઆપુઆ થતાં સૌ કોઇ જોઈ શકે છે. અને લોભાન્ધ માનવ પછી ચાહે વિષયવાસનાનો લોભી હોય, પૈસા ટકાનો લોભી હોય તથા મિથ્યા પ્રતિષ્ઠા કે ઇજ્જત આબરૂના લોભી માનવોને કોઇએ પણ કયારેય પણ શાંતિથી બેસતા, ઉઠતા કે બોલતા પણ જોયા નહીં હોય. હદ બહાર રાગાન્ધ અને દ્વેષાન્ધોથી સુખ–શાન્તિ અને બીજા પણ ઉમદા તત્ત્વો હજારો માઇલ દૂર ભાગે છે. કલેશ કંકાસ કરનાર, બીજાની ચાડી ખાનાર કે તેમને કલંકિત તથા અપમાનિત કરનાર તથા છાસવારે ને છાસવારે રતિ અને અરતિમાં ગળેડુબ થયેલા માનવોને એરકન્ડીશન કે આઇસ્ક્રીમ પણ ઠંડક આપી શકે તેમ નથી. ઇત્યાદિ પ્રસંગોને જોયા પછી કે અનુભવ્યા પછી આપણો જ આત્મા જ કબૂલ કરશે કે, પ્રાણાતિ પાતાદિ પાપો આત્માનો સ્વભાવ હોઇ શકે નહીં. તો પછી ધર્મ શી રીતે હોઈ શકશે? માટે પ્રાણાતિ પાતાદિ વૈકારિક ભાવો આત્માનો ધર્મ નથી જ. આજ કારણે જ તેમને પાપસ્થાનક જ કહેવાયા છે :–

"पापानांस्थानकमिति पापस्थानकम्" ।
पापान्येव स्थीयन्तेऽस्मिन्निति पापस्थानकम्" ।

એટલે કે ગમે તે કારણે જેના સેવનથી, આચરણથી પાપ ભાવનાનું જ પોષણ થાય તે પાપસ્થાનક છે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં પરમાત્મા મહાવીર પ્રભુએ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'વત્થુસહાવોધમ્મો' એટલે કે- પદાર્થ માત્રનો જે મૌલિક સ્વભાવ હોય તે તેનો ધર્મ છે. જેમ કે- અગ્નિનો મૂળ સ્વભાવ ઉષ્ણતા છે, પાણીનો સ્વભાવ શીતલતા છે. યદ્યપિ અગ્નિના પ્રયોગથી પાણીમાં ઉષ્ણતા દેખાય છે પણ તે અગ્નિના વૈકારિક પ્રયોગથી ઉષ્ણ બને છે, માટે જ અગ્નિ જેમ જેમ બુઝાતી જાય છે, તેમ તેમ ઉષ્ણતા ઓછી થતાં પાણી પોતાના મૂળ સ્વભાવમાં આવી જાય છે. આ પ્રમાણે જન્મ જન્મના ઉપાર્જિત કર્મોના કારણે જીવાત્માના મૌલિક સ્વભાવો અહિંસા સંયમ અને તપોધર્મના સ્થાને હિંસા, દુરાચાર અને ભોગ વિલાસો જ્યારે આવે છે, વધે છે, ત્યારે જીવાત્માની પદ્મલેશ્યા, તજોલેશ્યા અને શુકલલેશ્યાના સ્થાને કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા અને કાપોતલેશ્યાનો જોર વધે છે. અને જીવ હિંસાદિ કર્મોમાં વ્યાપારિત થાય છે, તે માટે પ્રયત્ન વિશેષ કરે છે, જેમકે :- તીરકામઠા, છરા-બંદુક, ડંડા આદિ શસ્ત્રોને મેળવે છે, શિકાર માટે પગારથી માણસોને રાખે છે જંગલમાં જાય છે શિકાર માટેના મકાનો બંધાવે છે. આવી રીતે જૂઠ-ચોરી-મૈથુન અને પરિગ્રહ આદિ પાપોને વધારવા માટે જીવ માત્રને મન-વચન-કાયાથી, ક્રોધ-માન-માયા અને લોભથી પણ કંઈક કરવું પડે તે સ્વધર્મ નથી પણ પરધર્મ છે, માટે જ પ્રાણાતિ પાતાતિમાં જીવાત્માને વિશેષ પ્રવૃતિ કરવાની ફરજ પડે છે. તે વિના કોઇ પણ જીવનો ઘાત-હનન, મારણ, તાડન, દુઃખોત્પાદન પીડત, તર્જન કે આક્રમણાદિ થતું નથી. ઇત્યાદિ કારણે પાપો-પાપમાર્ગો સ્વધર્મ (આત્માનો ધર્મ) નથી પણ પરધર્મ છે. અને 'પરધર્મો ભયાવહ:' એટલે કે પાપ માર્ગોમાં રચ્યા-પચ્યા રહેવું અને તેમાં જ મરવું તે અત્યન્ત ભયાવહ છે કેમકે બીજા જીવોને મારનાર જ બીજા ભવોમાં યમદૂતોનો માર ખાય છે. બીજાને ભૂખે મારનાર જ ભૂખે મરે છે, રોવડાવનાર ને રોવું પડે છે. બીજા જીવોમાં હાથ-પગ-આંખ, કે બીજા અંગોને છેદનારના જ બીજા ભવોમાં પગ કપાય છે, હાથ છેદાય છે. આંખે કમજોર કે અંધ બને છે. કાને બહેરો, પગે લંગડો હાથે ઠુંઠો થાય છે. છેવટે બુદ્ધિ વિનાનો અને મગજનો ફરેલો થાય છે. સંસારવર્તી જીવોના ઉપર પ્રમાણે ફળોને પ્રત્યક્ષ જોયા પછી જ નિર્ણય કરવાનો રહેશે. કે પ્રાણાતિપાતાદિ ધર્મ નથી. સદાચાર નથી, શિષ્ટાચાર નથી. પણ મહાભયકર પાપ જ છે. દુરાચાર અને ભ્રષ્ટાચાર છે.

આજના સંસારનો પછી ચાહે તે સાક્ષર કે નિરક્ષર હોય, પંડિત-મહાપંડિત હોય, સાધુ કે ગૃહસ્થ હોય, નાનો કે મોટો હોય, સ્ત્રી કે પુરૂષ હોય તે બધાય વારે તહેવારે ચારિત્ર, સદાચાર, પવિત્રાચાર આદિ શબ્દોનું ઉચ્ચારણ જરૂર કરે છે. પરન્તુ તે શબ્દોનું મૌલિક રહસ્ય જ્યાં સુધી જાણવામાં ન આવે અને જાણેલા અર્થો જીવનના અણુઅણુમાં આચરિત ન થાય ત્યાં સુધી જીવ હત્યા, માંસ ભોજન, શરાબપાન, પરસ્ત્રી કે વેશ્યા ગમન, જુગાર, શિકાર કે અભક્ષ્ય ભોજન કે અફીણ, ભાંગ-ગાંજા આદિ જીવન ધનને બરબાદ કરાવીને માનવને દાનવ બનાવનારા અને આત્માના પ્રતિ પ્રદેશે રહેલા આ દુર્ગુણોની કયારેય પણ સમાપ્તિ થાય તેમ નથી. કેમકે હૃદયના મંદિરમાં કાં તો ચારિત્રાચાર (શિષ્ટાચાર) રહેશે. અને કાં તો ભ્રષ્ટાચાર (જીવહત્યાદિ) રહેશે. તેમાં ચારિત્રાચાર અહિંસક-સંયમી અને તપોધર્મનું લક્ષણ છે, જ્યારે માંસ ભોજનાદિ હિંસક ભાવનું લક્ષણ છે. જંકશન જેવા દેવદુર્લભ મનુષ્યાવતારમાં જ આનો નિર્ણય કરવાનો રહેશે કે મારે અહિંસક બનવું છે કે હિંસક ? યદિ અહિંસક બનવાનો ભાવ હોય તો પ્રાણાતિપાતાદિ ને પાપ સ્વરૂપે જ માન્યા વિના ચાલી શકે તેમ નથી



For Private And Personal Use Only

# 'પદ્મશ્રી' મહિપતરાય જાદવજી શાહનું ભાવનગર જૈન શ્વે. મૂ. તપા સંઘ દ્વારા અભિવાદન–સન્માન

ભાવનગરના જ વતની અને ધંધાના વિકાસ અર્થે મુંબઈમાં વસતા જૈન સમાજના અગ્રણ્ય અને અનેક સંસ્થાઓના પ્રણેતા શ્રી મહિપતરાય જે. શાહને તા. ૨૬ મી જાન્યુઆરીના પદ્મશ્રીના એવોર્ડ ભારત સરકારે જાહેર કરેલ છે. તેમના માનમાં ભાવનગર જૈન શ્વે. મૂ. તપા સંઘે ખાસ શાનદાર સમારંભ તા. ૨-૨-૯૨ ના યોજેલ હતો. જેમાં જૈન શ્વે. મૂ. તપા સંઘના પ્રમુખશ્રી શ્રી મનમોહનભાઈ તંબોળી અધ્યક્ષસ્થાને અને જાણીતા દાનવીર શેઠશ્રી દીપચંદભાઈ ગાર્ડી અતિથિવિશેષ પદે ઉપસ્થિત રહ્યા હતા. આ સમારંભમાં વિશાળ સંખ્યામાં આમંત્રિતો હાજર હતા.

મંગળ પ્રાર્થના બાદ શ્રી સંઘના ઉપપ્રમુખશ્રી, સૂર્યકાન્તભાઈ શાહે શ્રી સંઘ વતી આવકાર પ્રવચન કરેલ હતું. મહેમાનોનો પરિચય શ્રી મનુભાઈ શેઠે આપેલ.

પ્રમુખ સ્થાનેથી શેઠશ્રી મનમોહનભાઈએ, અતિથિવિશેષ પદેથી દાનવીર શેઠશ્રી દીપચંદભાઈ ગાર્ડીએ, આ પ્રસંગે ખાસ પધારેલા શ્રી નિરંજનભાઈ મહેતાએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું.

શ્રીસંઘના પ્રમુખશ્રીએ ખાસ તૈયાર કરાવેલ ચાંદીનો કલાત્મક મોમેન્ટો અર્પણ કરીને અને પુષ્પહારથી શેઠશ્રી મહિપતભાઈનું સન્માન કરેલ. અને શ્રી સંઘના ઉપપ્રમુખશ્રી અને મંત્રીશ્રીઓએ શાલ ઓઢાડીને, અને પુષ્પહારથી શેઠશ્રી મહિપતભાઈનું સન્માન કરેલ. શેઠશ્રી મહિપતભાઈએ સૌની લાગણી માટે આભાર માન્યો હતો. તેઓશ્રીએ જણાવેલ કે પરમકૃપાળુ પ્રભુ દ્વારા મળેલા શક્તિથી જનતાની સેવા કરવાની જે તક મને મળી છે તે સેવાકાર્યને સફળતા પૂર્વક પાર પાડવા હું હંમેશા કોશીષ કરતો રહીશ.

આભારવિધિ શ્રી રમેશભાઈ વોરાએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી મનુભાઈ શેઠે કર્યું હતું.

શહેરની અનેક સંસ્થાઓએ શેઠશ્રી મહિપતભાઈ અને શેઠશ્રી દીપચંદભાઈનું પુષ્પહારથી સન્માન કર્યું હતું. બંને મહાનુભાવોએ લાગણીવશ થઈને આભાર વ્યક્ત કરેલ હતો. શ્રી જૈન આત્માનંદ સભાએ પણ બંને મહાનુભાવોનો પુષ્પહારથી સન્માન કર્યું હતું.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ❀ શ્રી નવ સ્મરણ કંઈ રીતે થાય ? ❀

(૧) નવકાર મંત્રનું સ્મરણ કરતી વખતે પંચ પરમેષ્ઠી અથવા નવપદનો આકાર આંખ આગળ રાખવો.

(૨) ઉવસગ્ગહરંનો પાઠ કરવાના સમયે શ્રી ચિંતામણી પાર્શ્વનાથને યાદ કરવા.

(૩) સંતિકરં ગણતા શાંતિનાથ ભગવાનનું સ્મરણ કરવું.

(૪) વિજય મુહૂર્તના સ્મરણ સમયે એકસો સિત્તેર જિનનો મંત્ર આંખ સામે રાખવો.

(૫) નમિઊણના પાઠ વખતે ચિંતામણી પાર્શ્વનાથને યાદ કરવા.

(૬) અજિત શાંતિ ગણતી વખતે શ્રી અજિતનાથ અને શ્રી શાંતિનાથ પ્રભુનું સ્મરણ કરવું.

(૭) ભક્તામર ગણતા શ્રી આદિનાથ પ્રભુની પ્રતિમાનું ખાસ ધ્યાન ધરવું.

(૮) કલ્યાણ મંદિરના સ્મરણ સમયે પાર્શ્વનાથ-પ્રભુને સંભારવા.

(૯) બૃહત્શાંતિના પાઠ સમયે ચોવીશે ચોવીશ જિનની પ્રભુ-પ્રતિમાઓ નજર સમક્ષ યાદ કરવી.

❀

## શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહનું પ્રકાશન

શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહનું મુનિશ્રી ચરણવિજયજી મહારાજ સાહેબ દ્વારા સંપાદન કરાવી વિ. સં. ૧૯૯૨માં આ સભા તરફથી પ્રકાશન કરવામાં આવ્યું હતું. સુંદર-સુઘડ સ્પષ્ટ દેવનાગરી લિપિમાં પ્રિન્ટ હોવાથી સમગ્ર ભારતમાંથી તેની માંગણી આવતા તેનું પુનર્મુદ્રણ કરીને પ્રગટ કરેલ છે. મજબુત પ્લાસ્ટીક કવર સહીતની આ સુંદર પુસ્તિકા દરેક જૈનના ઘરમાં વસાવવા જેવી છે. કિંમત રૂા. ૭-૦૦ છે પચાસ કે વધારે પુસ્તિકા ખરીદનારને ૧૦ ટકા કમીશન આપવામાં આવશે.

ધર્મપ્રભાવના કરવા માટે ઉત્તમ પુસ્તિકા છે.

— : વધુ વિગત માટે લખો :—

શ્રી જૈન આત્માનંદ સભા–ખારગેઈટ, ભાવનગર-૩૬૪ ૦૦૧.

❀

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atmanand Prakash Regd. No. GBV. . 31


# દરેક લાયબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

* તારીખ ૧-૯-૮૭ થી નીચે મુજબ રહેશે. *

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
|---|---|
| ત્રિશષ્ઠી શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પુસ્તકારે (મૂળ સંસ્કૃત) | ૫૦ ૦૦ |
| ત્રિશષ્ઠી શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે (મૂળ સંસ્કૃત) | ૫૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૧ લો | ૮૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨ જો | ૮૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૩ જો | ૮૦-૦૦ |
| શ્રી નિર્માણ કેવલીભુક્તિ પ્રકરણ મૂળ | ૨૫ ૦૦ |
| જિનદત્ત વ્યાખ્યાન | ૧૫-૦૦ |
| શ્રી સાધુ સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૨૦-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૫૦-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૪૦-૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૫-૦૦ |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૧૫-૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧ લો | ૩૦-૦૦ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૫-૦૦ |
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે લે. સ્વ. પૂ આ શ્રી વિ. કસ્તૂરસૂરીશ્વરજી | ૪૦-૦૦ |
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ | ૨૫-૦૦ |
| " " ભાગ ૨ | ૪૦-૦૦ |
| શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર | ૭-૦૦ |
| શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન | ૧૦-૦૦ |
| વૈરાગ્ય ઝરણા | ૩-૦૦ |
| ઉપદેશમાળા ભાષાંતર | ૩૦-૦૦ |
| ધર્મ કૌશલ્ય | ૫-૦૦ |
| પૂ૦ આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ વિશેષાંક : પાકુ બાઈન્ડીંગ | ૧૦-૦૦ |
| આત્મવિશુદ્ધિ | ૮-૦૦ |
| જૈન દર્શન મીમાંસા | ૫-૦૦ |
| હું અને મારી બા | ૫-૦૦ |
| જંબુસ્વામી ચરિત્ર | ૧૨-૦૦ |

લખો :- **શ્રી જૈન આત્માનંદ સભા** ખારગેઇટ, ભાવનગર (સૌરાષ્ટ્ર)


તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only